**<u>ક્રિ.કેસ નં.૨૨૩૮/૦૧</u>**

## <u>આંક-૧ નીચે નો હુકમ</u>.

આજરોજ અત્રેની અદાલત દ્વારા ફરીયાદી તથા તેઓના વિ.વ.શ્રી પી.જે.પટેલનો અવાર-નવાર પોકાર પડાવતા ફરીયાદી તથા તેઓના વિ.વ.શ્રી પી.જે.પટેલ કોઇ અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે કોઇ મુદ્દત રીપોર્ટ આપેલ નથી.વધુમાં અદાલત દ્વારા ફરીયાદીને નોટીસ કાઢવામાં આવેલ જે બજી પરત આવેલ જે આંક-3 થી રેકર્ડમાં સામેલ છે. વધુમાં તા.૨૦/૦૧/૨૦૧૫ના રોજ અદાલત દ્વારા જામીનપાત્ર વોરંટ કાઢેલ જે બજી જવા છતાં પણ ફરીયાદીએ સદર ફરીયાદ આગળ ચલાવવા રસ બતાવેલ નથી.ત્યારબાદ સદર ફરીયાદ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થી આવતા ફરીયાદીને તા.૦૭/૦૪/૨૦૧૬ના રોજ નોટીસ કાઢવામાં આવેલ જે ફરીયાદીને બજી પરત આવતા અદાલત દ્વારા અવાર-નવાર પોકાર કરાવવા છતાં પણ ફરીયાદી પોતે કે તેઓના વિ.વ.શ્રી પી.જે.પટેલ મારફતે હાજર રહેલ નથી કે કોઇ મુદ્દત રીપોર્ટ આપેલ નથી.જેથી સ્પષ્ટ માનવાને કારણ રહે છેકે ફરીયાદીને ફરિયાદનું કામ આગળ ચલાવવામાં કોઇ રસ જણાતો નથી જેથી નીચે મુજબનો હુકમ કરવો યોગ્ય જણાશે.

## આખરી-હુકમ

આ હાલ ની ફરીયાદ ફરીયાદીની કસૂરના કારણે કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તાઃ-03 માહે મે ૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા :--03/૦૫/૨૦૧૬

આણંદ.

( રજનીકાંત નરસિંહભાઇ પટેલ )
3જા એડી.સીની.સીવીલ જજ
અને એડી.ચીફ જયુ.મેજીસ્ટ્રેટ
આણંદ.
( જીજે કોડનં. જી.જે ૦૦૮૬૧ )